

# કોર્ટમાં સાક્ષી

CRIMINAL JUSTICE SYSTEM

જો તમને કોઈ ટ્રાયલ (કેસના ખટલા) કે સુનાવણીમાં કોર્ટમાં સાક્ષી/જુબાની (વિટનેસ) આપવાનું કહેવામાં આવ્યું હોય, તો ન્યાય કરવામાં તમારે ખૂબ જ અગત્યનો ભાગ ભજવવાનો હોય છે.

સત્ય કહેવા માટે વિધિસરનું વચન આપીને અને કોર્ટમાં તમારી જુબાની આપીને, હકીકતમાં શું બન્યું હતું તે સમજવાનું તમે મેજિસ્ટ્રેટો માટે (અથવા જો તમને ક્રાઉન કોર્ટ (Crown Court)માં સાક્ષી આપવા માટે બોલાવવામાં આવ્યાં હોય તો જજ (ન્યાયાધીશ) અને જ્યુરિ માટે) શક્ય બનાવો છો.

કોઈ વ્યક્તિ કોઈ અપરાધ માટે ગુનેગાર હોવાનું કે નહિ હોવાનું કોર્ટ નક્કી કરે તે પહેલાં તેમણે જુબાની (કે પુરાવા) સાંભળવાની અને ધ્યાનમાં લેવાની જરૂર પડે છે – અને આ જુબાની આપનારાં લોકો સાક્ષીઓ છે.

**તમારા સમય અને પ્રયત્નો બદલ તમારો આભાર.**

# 01 સાક્ષી બનવું એટલે શું?

## તમને સાક્ષી બનવાનું શા માટે કહેવામાં આવે?

જો નીચેની બાબતો હોય તો તમને કદાચ સાક્ષી બનવાનું કહેવામાં આવી શકે:

- કોઈ અમુક અપરાધ કે ગુના વિશે, દાખલા તરીકે કોઈ બનાવ કે ઝઘડો થતાં તમે જોયો હોય તેના કારણે તે વિશે તમે કશું જાણતાં હો;
- કોઈ ખટલામાં હકીકતોનો નિર્ણય લેવામાં ઉપયોગી થઈ શકે તેવા કોઈ વિષય ઉપર તમારી પાસે તજ્જ્ઞ તરીકેનું જ્ઞાન હોય (તો તમે નિષ્ણાત સાક્ષી તરીકે ગણાશો);
  અથવા
- કેસમાં સંકળાયેલાં લોકોમાંથી કોઈને તમે જાણતાં હો (તો તમને ચારિત્ર્ય માટેના સાક્ષી તરીકે બોલાવવામાં આવશે). દાખલા તરીકે, તમે તે વ્યક્તિને કેટલી સારી રીતે જાણો છો અને તે વ્યક્તિ વિશ્વાસ કરવા લાયક છે કે નહિ, વગેરે જેવા પ્રશ્નોના જવાબ આપવાનું તમને કહેવામાં આવશે.

## સાક્ષી બનવાનું કેવું લાગે છે?

તમને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યાં હોય તો શું અપેક્ષા રાખવી તેની તમને કદાચ ખબર ન હોય તેવું બને – અથવા બની શકે કે તમે જેવી અપેક્ષા રાખી હોય તેના કરતાં તમને તે ઘણું જુદું લાગે.

શું બનશે તે માટે તૈયાર થવામાં આ પત્રિકા તમને મદદ કરશે.
તેમાં નીચેની વસ્તુઓ સમજાવવામાં આવી છે:

- સાક્ષી બનવા વિશે વધારે મદદ અને સલાહ ક્યાંથી મેળવવી;
- તમે તમારી જુબાની ક્યાં આપશો – જુદા જુદા પ્રકારની કોર્ટ્સ (અદાલતો);
- કોર્ટરૂમમાં કોણ કોણ હોય છે અને કેટલીક કાનૂની ભાષાનો અર્થ શું થાય;
- તમે કોર્ટમાં જાવ તે પહેલાં શું થાય છે;

- તમે કોર્ટમાં હો તે દરમ્યાન શું થાય છે; અને
- તમે તમારી જુબાની આપી દીધા પછી શું થાય છે.

**યાદ રાખો: જો તમે સ્ટેટમેન્ટ (નિવેદન) આપ્યું હોય અને તમને કોર્ટમાં જુબાની આપવા માટે બોલાવવામાં આવે તો તમારે તે માટે જવું જ પડે છે.**

કોર્ટમાં જવા અંગે તમને કોઈ તકલીફ કે પ્રશ્નો હોય, તો તમને કોર્ટમાં જવાનું કહેનાર વ્યક્તિને તમારે શક્ય તેટલી જલદી જાણ કરવી જ જોઈએ. જો તમારે કોર્ટમાં જવું પડે તેમ હોય, પણ જો કોર્ટને લાગે કે તમે સ્વેચ્છાએ કોર્ટમાં નહિ આવો, તો તમને બોલાવવા માટે તે તમારી વિરુદ્ધ સાક્ષીનું સમન્સ જારી કરી શકે. જો આમ છતાં પણ તમે કોઈ વાજબી કારણ વગર કોર્ટમાં નહિ જાવ, તો કોર્ટ તમને 'અદાલતનું અપમાન' કરવા બદલ ગુનેગાર ઠેરવી શકે અને તમારી ધરપકડ કરવા માટેનું વોરંટ જારી કરી શકે.

# 02 તમારી જુબાની આપવા વિશે તમને મદદ અને માહિતી ક્યાંથી મળી શકે?

કોર્ટમાં જુબાની આપવા વિશે લોકોને ચિંતા થાય તે સ્વભાવિક છે. કદાચ તમને ચોક્કસ ખબર નહિ હોય કે તમે જે કહેશો, કે જેવી રીતે કહેશો તેનાથી ન્યાય થાય છે તેની ખાતરી કરવામાં કેવી રીતે મદદ થશે.

ક્રિમિનિલ જસ્ટિસ સિસ્ટમ (ફોજદારી ન્યાય પદ્ધતિ)માં કામ કરતાં લોકો જાણે છે કે તમારા માટે આ અનુભવ નવો કે અજાણ્યો હોઈ શકે છે અને તમારી સાથે માનપૂર્વક અને સંવેદનશીલતાથી વ્યવહાર કરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે તેઓ તેમનાથી શક્ય તેટલા પ્રયત્નો કરશે.

## ધ વિટનેસ સર્વિસ (સાક્ષીઓ માટેની સેવા)

તમે કોર્ટમાં જાવ તે પહેલાં 'ધ વિટનેસ સર્વિસ' (Witness Service)ના તાલીમ મેળવેલા કોઈ સ્વયંસેવક સાથે વાત કરી શકો અને તમને મદદ કરવા માટે તે સ્વયંસેવક કોર્ટમાં હશે. તેઓ જુબાની વિશે તમારી સાથે ચર્ચા ન કરી શકે અથવા તમને કાનૂની સલાહ પણ નહિ આપી શકે, પણ તેઓ એક મિત્ર તરીકે મદદ કરશે અને તમને કોર્ટમાં ફરીને બધું બતાવશે અને શું થશે તે તમને કહેશે.

ઈંગ્લેન્ડ અને વેલ્સમાં બધી જ કોર્ટમાં વિટનેસ સર્વિસ હોય છે. આ સેવા સ્વતંત્ર રાષ્ટ્રિય ચેરિટી સંસ્થા - વિક્ટિમ સપોર્ટ (Victim Support) દ્વારા ચલાવવામાં આવે છે અને તેઓ ગુનાનો ભોગ બનેલાં લોકો તેમજ (સરકારી અને બચાવ પક્ષ બંનેનાં) સાક્ષીઓને અને તેમનાં કુટુંબો તેમજ મિત્રોને ટ્રાયલ પહેલાં, ટ્રાયલ દરમ્યાન અને તે બાદ મદદ કરે છે. કોર્ટની સુનાવણી પહેલાં વિટનેસ સર્વિસ પોતાની સેવાઓ આપવાની જાણ કરતી પત્રિકા સાક્ષીઓને મોકલે છે.

તાલીમ મેળવેલાં સ્વયંસેવકો નીચે જણાવેલા સહિતની મફત અને ખાનગી સેવાઓ પૂરી પાડે છે:

- કોર્ટની કાર્યવાહી વિશેની સામાન્ય માહિતી;
- સુનાવણી પહેલાં, તે દરમ્યાન અને ત્યારબાદ અંગત ટેકો;
- તમારે જુબાની આપવાની હોય તો તમારી સાથે કોઈ કોર્ટરૂમમાં આવે તેની ગોઠવણ કરવી; અને
- તમે જુબાની આપો તે પહેલાં કોર્ટની મુલાકાત લેવી, જેથી તમને ત્યાં અજાણ્યું ન લાગે.

તેમની વિગતો તમને ફોન બુકમાંથી કોર્ટનાં નામ હેઠળ મળી શકશે.

**અથવા તમે વિક્ટિમ સપોર્ટલાઈન (Victim Supportline)ને આ નંબર ઉપર સંપર્ક કરી શકો 0845 30 30 900.**

## વધારે માહિતી

ક્રાઉન કોર્ટ માટે 'ચાર્ટર ફોર કોર્ટ યુઝર્સ' (Charter for Court Users – કોર્ટનો ઉપયોગ કરનારાં માટેનો અધિકાર પત્ર) નામનો એક ચાર્ટર (અધિકાર પત્ર) છે, જેમાં તમે કોર્ટમાં આવો ત્યારે અપેક્ષા રાખી શકો તેવાં અગત્યનાં ધોરણો જણાવવામાં આવ્યાં છે. તેની નકલ તમને કોર્ટ સર્વિસના મુખ્ય મથકે 020 7189 2000 ઉપર ફોન કરવાથી મળી શકશે. ઘણી મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં તેમનો પોતાનો સ્થાનિક ચાર્ટર હોય છે, જે તમને કોર્ટમાંથી મળી શકશે.

આ પત્રિકા તમને, અરેબિક, બંગાળી, રૂઢીગત ચાઈનીઝ, હિન્દી, પંજાબી, ઉર્દૂ, સોમાલી, વિએટનામીઝ, ગ્રીક અને ટર્કિશમાં પણ મળી શકે છે.

આ પત્રિકા તમને અંગ્રેજીમાં, મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલમાં અને ઓડિયો ટેપ ઉપર પણ મળી શકે છે. વિગતો માટે તમારા સ્થાનિક પોલીસ સ્ટેશનનો અથવા વિટનેસ સર્વિસનો સંપર્ક કરો.

ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (પોલીસ, કોર્ટ્સ અને ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ) વિશેની સામાન્ય માહિતી અને સાક્ષી બનવા વિશેની વધારે માહિતી તમને www.cjsonline.org ઉપરથી મળી શકશે.

(યુ.કે. ઓનલાઈન – UK Online સમગ્ર યુ.કે.માં 6,000 કરતાં વધારે સેન્ટરોમાં ઈન્ટરનેટની સગવડ મફત અથવા ઓછા દરે પૂરી પાડે છે. તમારી નજીકનું સેન્ટર ક્યાં આવેલું છે તે જાણવા માટે 0800 77 1234 ઉપર ફોન કરો.)

# 03 તમે તમારી જુબાની ક્યાં આપશો?

અત્રે ત્રણ પ્રકારની કોર્ટ્સ (અદાલતો) હોય છે, જ્યાં તમને જુબાની આપવા માટે બોલાવવામાં આવી શકે.

- **મેજિસ્ટ્રેટ્સ કોર્ટ (Magistrates' court)**
- **ક્રાઉન કોર્ટ (Crown court)**
- **યૂથ કોર્ટ (Youth court)**

સાક્ષી તરીકે તમારે ક્યારે અને ક્યાં આવવાની જરૂર પડશે તે તમને જણાવવા માટે જે વ્યક્તિ કે સંસ્થા પત્ર લખશે, તેઓ કયા પ્રકારની કોર્ટમાં કેસની સુનાવણી થવાની છે તેની વિગતો પણ તેમાં જણાવશે.

## મેજિસ્ટ્રેટની કોર્ટ

કોર્ટમાં આવતા મોટા ભાગના ક્રિમિનલ (ફોજદારી) કેસોની ટ્રાયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચલાવવામાં આવે છે.

તમે અને બીજાં સાક્ષીઓ જે સ્ટેટમેન્ટો (નિવેદનો) કરો તે સહિત બધા જ પુરાવા મેજિસ્ટ્રેટો સાંભળે છે અને જે વ્યક્તિ ઉપર ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો છે તે (પ્રતિવાદી - બચાવ) ગુનેગાર છે કે નહિ તેનો નિર્ણય કરે છે. જો પ્રતિવાદીને ગુનેગાર માનવામાં આવે અથવા તો તે પોતે ગુનેગાર હોવાનું કબૂલ કરે તો સામાન્ય રીતે મેજિસ્ટ્રેટો સજા નક્કી કરે છે.

મેજિસ્ટ્રેટો ત્રણ સ્થાનિક લોકો હોય તેવું બની શકે (કેટલીકવાર તેમને ‘જસ્ટીસીસ ઓફ ધ પીસ’ અથવા જે.પી.ઝ justices of the peace – JPs કહેવામાં આવે છે), જેમને કાનૂની તાલીમ મેળવેલા સલાહકાર દ્વારા સહાય કરવામાં આવતી હોય છે, અથવા કદાચ એક જ મેજિસ્ટ્રેટ હોય તેવું બને (જેમને ‘ડિસ્ટ્રિક્ટ જજ’ કહેવામાં આવે છે જેઓ વકીલ હોય છે). આપણે ફિલ્મોમાં કે ટીવી ઉપર જોઈએ છીએ તેવી સફેદ વિગ મેજિસ્ટ્રેટની કોર્ટમાં કોઈ પહેરતું નથી, અને માત્ર અશર જ કાળો ગાઉન પહેરે છે.

અત્રે એક વકીલ - લૉયર (અથવા વકીલોની એક ટુકડી) હોય છે, જેઓ પ્રોસિક્યૂશન (ફરિયાદ પક્ષ) માટે રજૂઆત કરે છે. મોટા ભાગના કેસોમાં બીજા વકીલ (અથવા વકીલોની ટુકડી) ડીફેન્ડન્ટ - પ્રતિવાદી (બચાવ પક્ષ) માટે રજૂઆત કરે છે - જેને ‘ધ અક્યુઝ્ડ - આરોપી’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

અહીં ચિત્રમાં એક લાક્ષણિક મેજિસ્ટ્રેટ્સ કોર્ટ બતાવવામાં આવી છે. મેજિસ્ટ્રેટો એક ઉંચી બેન્ચની પાછળ બેસે છે અને સાક્ષીઓ માટેનું પાંજરુ સામાન્ય રીતે એક બાજુએ કોર્ટની આગળના ભાગની નજીકમાં હોય છે.




**ચાવી:** A સાક્ષી B મેજિસ્ટ્રેટો C કોર્ટના ક્લાર્ક
D ફરિયાદ પક્ષ અને બચાવ પક્ષના વકીલો
E કોર્ટ અશર F પ્રતિવાદી G અન્ય

## ક્રાઉન કોર્ટ

ક્રાઉન કોર્ટમાં જજ અને જ્યુરિ સામે ચાલતા ટ્રાયલો (ખટલા) સામાન્ય રીતે અત્યંત ગંભીર ગુના માટે જ માત્ર ચલાવવામાં આવે છે અથવા તો જ્યાં પ્રતિવાદીએ પોતાના કેસની સુનાવણી જ્યુરિ સામે કરવાનું કહ્યું હોય ત્યાં તે કરવામાં આવે છે. જો મેજિસ્ટ્રેટોને લાગે કે કોઈ કેસની ગંભીરતા મુજબ લાયક હોય તેટલી સજા ફરમાવવાની સત્તા પોતાની પાસે નથી, તો તેઓ જો તે પ્રતિવાદી ગુનેગાર પુરવાર થયો હોય તો તે કેસને ક્રાઉન કોર્ટ સમક્ષ મોકલી શકે છે.

બધા જ પુરાવા સાંભળ્યા બાદ જ્યુરિ જજને કહે છે કે તેઓ પ્રતિવાદીને 'ગુનેગાર' માને છે કે 'નિર્દોષ'.

કાયદાની બાબતો ઉપરના નિર્ણય જજ કરે છે. જો પ્રતિવાદીને ગુનેગાર માનવામાં આવ્યો હોય અથવા તે પોતે ગુનેગાર હોવાનું કબુલ કરે, તો જજ સજાનો પણ નિર્ણય કરે છે.

કોર્ટમાં, એક વકીલ (અથવા વકીલોની ટુકડી) હશે જે પ્રોસિક્યૂશન (ફરિયાદ પક્ષ) માટે રજૂઆત કરશે અને એક જુદો વકીલ (અથવા વકીલોની ટુકડી) હશે જે બચાવ પક્ષ માટે રજૂઆત કરશે.

અહીં ચિત્રમાં એક લાક્ષણિક ક્રાઉન કોર્ટનો કોર્ટરૂમ બતાવવામાં આવ્યો છે. જજ અને અમુક વકીલો વિગ અને ગાઉન પહેરે છે. કોર્ટના ક્લાર્ક પણ ગાઉન પહેરે છે અને અમુક કોર્ટમાં તેઓ વિગ પણ પહેરે છે. ત્યાં જ્યુરિને બેસવા માટેનો પણ એક વિભાગ હોય છે.




**ચાવી:** A સાક્ષી B જજ (ન્યાયાધીશ) C કોર્ટના ક્લાર્ક
D ફરિયાદ અને બચાવ પક્ષના વકીલો
E જ્યુરિના સભ્યો F પ્રતિવાદી

## યૂથ કોર્ટ (યુવાન ગુનેગારો માટેની કોર્ટ)

યૂથ કોર્ટમાં 18 વર્ષથી ઓછી ઉંમરનાં મોટા ભાગના ગુનેગારો ઉપર ખાસ તાલીમ મેળવેલા મેજિસ્ટ્રેટો અથવા ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. આવા કેસોમાં કોઈ જ્યુરિ હોતી નથી. પુખ્ત વયનાં લોકો માટેની મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં અને ક્રાઉન કોર્ટમાં જેવી રીતે જાહેર જનતાનાં લોકોને આવવાની છૂટ હોય છે, તેનાથી ઉલટું યૂથ કોર્ટમાં લોકોને આવવા ઉપર કાયદો મર્યાદા મૂકે છે, યૂથ કોર્ટમાં માત્ર નીચેનાં લોકો જ આવી શકે છે:

- કોર્ટના સભ્યો અને અધિકારીઓ;
- કેસમાં સંકળાયેલા બંને પક્ષો અને તેમના કાનૂની પ્રતિનિધિઓ;
- સાક્ષીઓ;
- કેસમાં સીધી રીતે સંકળાયેલાં બીજાં લોકો; અને
- પ્રસાર માધ્યમોનાં સભ્યો અને કોર્ટે જે લોકોને હાજર રહેવા માટે અધિકૃત મંજૂરી આપેલી હોય તેઓ. (પ્રસાર માધ્યમો કાયદેસર કાર્યવાહી વિશે અહેવાલ આપી શકે છે, પણ સામાન્યતઃ તેઓ કેસમાં સંકળાયેલી કોઈ યુવાન વ્યક્તિનું નામ કદાચ જાહેર કરી શકે નહિ.)

જો કોઈ બાળક અથવા યુવાન વ્યક્તિ ઉપર નીચેનો આરોપ મૂકવામાં આવ્યો હોય તો તેની ઉપર યૂથ કોર્ટમાં ટ્રાયલ કરવામાં નહિ આવે:

- ખૂન અથવા માનવહત્યા (આવા કેસો ટ્રાયલ માટે હંમેશાં ક્રાઉન કોર્ટમાં જ મોકલવામાં આવે છે);
- લૂંટ જેવા કોઈ ખૂબ જ ગંભીર અપરાધ માટે, અને જ્યારે યૂથ કોર્ટને લાગે કે મોટી સજા ફરમાવવા માટે ક્રાઉન કોર્ટની સત્તાની જરૂર પડી શકે તેમ છે; અથવા
- કોઈ પુખ્ત વયની (18 વર્ષ કે તેથી મોટી ઉંમરની) વ્યક્તિની સાથે મળીને કરવામાં આવ્યો હોય તેવો અપરાધ – આવા કેસોની સુનાવણી પુખ્ત વયનાં લોકો માટેની મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં અથવા ક્રાઉન કોર્ટમાં કરવામાં આવે છે.

અહીં ચિત્રમાં એક લાક્ષણિક યૂથ કોર્ટ બતાવવામાં આવી છે. મેજિસ્ટ્રેટો સામાન્ય રીતે કોર્ટમાં બેઠેલાં બીજાં બધાં લોકોની જેમ એક જ સરખા લેવલે બેસે છે.




**ચાવી:** A સાક્ષી B મેજિસ્ટ્રેટો C કોર્ટના ક્લાર્ક
D ફરિયાદ અને બચાવ પક્ષના વકીલો E પ્રતિવાદી
F માતા / પિતા G યૂથ ઓફેન્ડિંગ ટીમના વર્કર H અશર

# 04 કોર્ટરૂમમાં કોણ કોણ હોય છે

- પ્રતિવાદી
- વકીલો
  - પ્રોસિક્યૂશન (ફરિયાદ પક્ષ)
  - ડીફેન્સ (બચાવ પક્ષ)
- સાક્ષીઓ (તમારા સહિત)
- મેજિસ્ટ્રેટો, ડિસ્ટ્રિક્ટ જજ અથવા જજ
- જ્યુરિ (માત્ર ક્રાઉન કોર્ટમાં)
- કોર્ટના ક્લાર્ક
- કોર્ટ અશર
- બીજાં લોકો

## ડીફેન્ડન્ટ - પ્રતિવાદી

ડીફેન્ડન્ટ – પ્રતિવાદી (જેને 'આરોપી' તરીકે પણ ઓળખવામાં આવે છે) એ વ્યક્તિ છે જેની ઉપર ગુનો કર્યાનો આરોપ મૂકવામાં આવ્યો હોય છે.

## વકીલો

એક વકીલ (અથવા વકીલોની ટુકડી) પ્રોસિક્યૂશન (ફરિયાદ પક્ષ) વતી રજૂઆત કરશે અને એક ડીફેન્સ (બચાવ પક્ષ) વતી. જો એક કરતાં વધારે પ્રતિવાદીઓ હશે, તો દરેક પ્રતિવાદી માટે જુદા વકીલ હોય તેવું બની શકે.

મોટા ભાગની કાયદેસરની કાર્યવાહી ક્રાઉન પ્રોસિક્યૂશન સર્વિસ (સી.પી.એસ. – CPS) દ્વારા ક્રાઉન (નામદાર રાણી) વતી કરવામાં આવે છે. એટલા માટે તમે જોશો કે સાંભળશો કે કેસ વિશે *'આર' વર્સિસ (વિરુદ્ધ) 'પ્રતિવાદીનું નામ' (R v 'defendant's name')* તરીકે વાત કરવામાં આવે છે, જ્યાં 'આર' એટલે 'રેજિના' (Regina) અથવા 'નામદાર રાણી' (the Queen). પોલીસે તપાસ કરેલા કેસ વિશે કાયદેસર કાર્યવાહી કરવી કે નહિ, અને જો કાર્યવાહી કરવી તો પ્રતિવાદી વિરુદ્ધ કયા આરોપો મૂકવા તે સી.પી.એસ. નક્કી કરે છે.

બંને પક્ષના વકીલો, પુરાવા ઉપરથી સત્ય હકીકત કેવી રીતે સાબિત થાય છે અથવા ખરેખર શું બન્યું હતું તે મેજિસ્ટ્રેટો અથવા જ્યુરિને મનાવવાનો પ્રયત્ન કરે છે.

## સાક્ષીઓ (તમારા સહિત)

સામાન્ય રીતે પ્રોસિક્યૂશન (ફરિયાદ પક્ષ)ના સાક્ષીઓ હોય છે (જેમની જુબાનીનો ઉપયોગ પ્રતિવાદીને ગુનેગાર ઠેરવવાનો પ્રયત્ન કરવા માટે કરવામાં આવે છે) અને બચાવ પક્ષના સાક્ષીઓ હોય છે (જેમનો ગુનેગાર નહિ હોવાનું પુરવાર કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે).

તમને પ્રોસિક્યૂશન (ફરિયાદ પક્ષ)ના સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યાં છે કે બચાવ પક્ષના, તેનો આધાર તમારી જુબાની પોતાના કેસ માટે સૌથી વધારે ઉપયોગી હોવાનું કયા પક્ષને લાગે છે તેના ઉપર રહેલો છે.

## મેજિસ્ટ્રેટો, ડિસ્ટ્રિક્ટ જજ અથવા જજ

સાક્ષી તરીકેના તમારા નિવેદન (વિટનેસ સ્ટેટમેન્ટ) વિશે મેજિસ્ટ્રેટ, ડિસ્ટ્રિક્ટ જજ અથવા જજ તમને કદાચ પ્રશ્નો પૂછી શકે. ક્રાઉન કોર્ટના ટ્રાયલમાં, જ્યુરિ પ્રશ્નો લખીને જજને આપી શકે. ત્યારબાદ જજ તે પ્રશ્નો સાક્ષીને પૂછે છે.

જો પ્રતિવાદીને ગુનેગાર ઠેરવવામાં આવે (ગુનો પુરવાર થાય), તો મેજિસ્ટ્રેટો, ડિસ્ટ્રિક્ટ જજ અથવા જજ સજા નક્કી કરે છે (એટલે કે પ્રતિવાદીને શું કરવામાં આવે, જેમ કે દંડ કરવો, સામાજિક સેવા કરાવવી કે જેલની સજા કરવી).

## જ્યુરિ (માત્ર ક્રાઉન કોર્ટમાં)

જ્યુરિ 12 સભ્યોની બનેલી હોય છે, જેઓ શક્ય હોય ત્યાં સુધી, 'સામાન્ય જનતા'નાં સભ્યો હોય છે. જ્યુરરો (જ્યુરિનાં સભ્યો)ને આશરે જ પસંદ કરવામાં આવતાં હોવાથી, તેમાં જુદી જુદી ઉંમરનાં, જુદી જુદી સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકાઓવાળાં અને જુદાં જુદાં કામ (નોકરીઓ) કરનારાં લોકોનું મિશ્ર પ્રતિનિધિત્વ હોવાની શક્યતા છે.

તમે કહો તે (અને બીજા સાક્ષીઓ શું કહે છે તેના સહિત) બધા જ પુરાવા જ્યુરિ એકવાર સાંભળી લે, એટલે તેઓ એક અંગત રૂમમાં જઈને તેમણે સાંભળેલી જુબાનીઓ વિશે વાતચીત કરે છે. તેઓ પુરાવા વિશે ચર્ચા કરે છે. જો તેઓ ચોક્કસ હોય કે પ્રતિવાદીએ ગુનો કર્યો હોવાનો પુરાવો તેમણે સાંભળ્યો છે, તો તેઓ પ્રતિવાદીને ગુનેગાર ઠેરવશે. જો જ્યુરિ ચોક્કસ ન હોય, કે પ્રતિવાદી ગુનેગાર છે કે નહિ, તો તેમણે તેને અથવા તેણીને ગુનેગાર નહિ હોવાનું જ ઠેરવવું પડે છે.

જ્યુરિના કોઈ એક સભ્યને 'ફોરમેન' (આગેવાન સભ્ય – foreman) તરીકે પસંદ કરવામાં આવે છે, જેઓ કોર્ટને જણાવે છે કે તમામ 12 સભ્યોએ શું નક્કી કર્યું છે. આને ચુકાદો (વર્ડિક્ટ) કહે છે. કોર્ટમાં હાજર દરેક જણ ચુકાદો સાંભળે છે.

કેટલીકવાર, તમામ 12 લોકો સહમત થઈ શકતાં નથી કે તેમને પ્રતિવાદી ગુનેગાર લાગે છે કે નહિ, પછી ભલે તેઓ તે વિશે દિવસોના દિવસો સુધી કે અનેક અઠવાડિયાં સુધી વાતો કર્યા કરે તે બાદ પણ તેઓ સહમત થઈ શકતાં નથી. જો આવું થાય, તો જ્યુરિને જજ કહે છે કે તેમનામાંથી ઓછામાં ઓછા 10 સભ્યો એક સાથે સહમત થાય તો ચુકાદો આપી શકાશે (આને બહુમતી ચુકાદો કહે છે). જો બહુમતી ચુકાદો ન આપી શકાય તેમ હોય, તો પ્રોસિક્યૂશને નક્કી કરવું જ પડે છે કે તેઓ ફરીથી ટ્રાયલ કરવાની માગણી કરવા માગે છે, જેનો અર્થ એવો થાય કે આખાયે કેસની સુનાવણી જ્યુરિ સમક્ષ ફરીથી કરવામાં આવશે. જો પ્રોસિક્યૂશન ફરીથી ટ્રાયલની માગણી નહિ કરવાનું નક્કી કરે, તો પ્રતિવાદી ગુનેગાર નહિ હોવાનું (નિર્દોષ) ઠેરવવામાં આવશે.

## કોર્ટના ક્લાર્ક

કોર્ટના ક્લાર્ક ખાતરી કરે છે કે કોર્ટમાં જે લોકોએ હાજર રહેવું જોઈએ તે બધાં જ કોર્ટમાં હોય અને જે થવાનું હોય તે સમયસર અને યોગ્ય ક્રમમાં થાય છે. જો જજને કોઈ માહિતીની જરૂર પડે, તો બીજા ટ્રાયલોમાં શું થયું હતું તેની નોંધો પણ તે જુએ છે. મેજિસ્ટ્રેટની કોર્ટમાં, જ્યાં ક્લાર્કને ઘણી વાર કાનૂની સલાહકાર તરીકે ઓળખવામાં આવે છે, તેઓ મેજિસ્ટ્રેટોને કાનૂની બાબતો ઉપર સલાહ પણ આપે છે.

## કોર્ટના અશર

કોર્ટમાં જ્યારે વકીલ કહે કે તેઓ કોઈને સાક્ષી તરીકે કોર્ટમાં બોલાવવા માગે છે, ત્યારે અશર એ વ્યક્તિ છે જે ખરેખર કોર્ટની બહાર જઈને તે વ્યક્તિને અંદર બોલાવી લાવે છે.

## બીજાં લોકો

તમે કોર્ટમાં બીજાં જે લોકોને કદાચ જોશો તેમાં પોલીસ અધિકારીઓ, પ્રોબેશન અધિકારીઓ, વિટનેસ સર્વિસના સભ્યો અને પત્રકારોનો સમાવેશ થાય છે. અમુક કોર્ટોમાં, જાહેર જનતાનાં લોકોને આવવાની અને પબ્લિક ગેલેરીમાં બેસીને કાર્યવાહી નિહાળવાની મંજૂરી હોય છે. આમાં કેસમાં સંકળાયેલાં લોકોનાં મિત્રો અને કુટુંબીજનોનો સમાવેશ થઈ શકે.

# 05 તમે કોર્ટમાં જાવ તે પહેલાં શું થાય છે?

જો તમે પ્રોસિક્યૂશનના સાક્ષી હો, તો સામાન્ય રીતે તમને પોલીસ અથવા વિટનેસ કેર યૂનિટ (Witness Care Unit) તરફથી 'વિટનેસ વોર્નિંગ' (સાક્ષી તરીકે ચેતવણી)નો પત્ર મળશે. આમાં તમને જણાવેલું હશે કે જુબાની આપવા માટે તમારે કોર્ટમાં ક્યારે અને ક્યાં જવાનું છે. આ સૂચના શક્યતઃ તમને ટ્રાયલના બે અઠવાડિયાં કરતાં વધારે વહેલી આપવામાં નહિ આવે. તમારા કેસની સુનાવણી આ અઠવાડિયે થશે કે આવતા અઠવાડિયે તે વકીલ તમને કહી શકવા જોઈએ, પરંતુ ઘણી વાર સુનાવણીના આગલા દિવસની બપોર પહેલાં કોઈનેય કેસ શરૂ થવાના ચોક્કસ દિવસની ખબર હોતી નથી.

જો તમે પ્રતિવાદી પક્ષના સાક્ષી હશો, તો બચાવ પક્ષના વકીલે તમને સંપર્ક કરીને તમારે ક્યારે કોર્ટમાં જવાનું છે તે કહેવું જોઈએ.

જ્યારે પોલીસ અથવા બચાવ પક્ષના વકીલ તમારું સ્ટેટમેન્ટ લે, ત્યારે તેમણે તમને પૂછ્યું હશે કે કોર્ટમાં જવા માટે તમે ક્યારે ઉપલબ્ધ છો. કેસમાં સંકળાયેલી દરેક વ્યક્તિને અનુકૂળ હોય તેવી તારીખે ટ્રાયલ કરવાના શક્ય તેટલા બધા જ પ્રયત્નો કોર્ટ કરશે. પરંતુ સાક્ષીઓએ પણ પોતે જુબાની આપવા જવાનું હોય તે દિવસે જો તેમને બીજું કોઈ કામ હોય તો તે માટેની બીજી કોઈ ગોઠવણ કરવાના શક્ય તેટલા બધા જ પ્રયત્નો કરવા જોઈએ.

## કામેથી રજા લેવી

જો તમારે કામેથી રજા લેવાની જરૂર પડે, તો તમારે તમારા એમ્પ્લોયર (કામે રાખનારા માલિક)ને તમારે કોર્ટમાં જવાનું છે તેના પુરાવા તરીકે તમને મળેલો 'વિટનેસ વોર્નિંગ' પત્ર બતાવવો જોઈએ. સાક્ષી તરીકે જવા માટે તમે કામેથી લીધેલી રજાનો પગાર તમારા એમ્પ્લોયરે તમને આપવો જરૂરી નથી. પરંતુ જો તમે પગાર ગુમાવો, તો તમે આવક ગુમાવવા માટેના વિટનેસ અલાવન્સનો ક્લેઈમ કરી શકો (ખર્ચનો ક્લેઈમ કરવા વિશેની વધારે વિગતો માટે પાનું 23 જુઓ). કમાણી ગુમાવવા માટેની ચુકવણી, તમે ગુમાવેલી ખરેખરી આવક કરતાં કદાચ ઓછી હોય તેવું બની શકે.

## હોલિડેઝ (રજાઓ)

કોર્ટમાં જવાની તારીખે તમે હોલિડેઝમાં (રજાઓમાં બહારગામ ફરવા) જવાનું નક્કી કરેલું હોય, તો પણ તમારે તે તારીખે કોર્ટમાં જ જવું પડે છે. તમે તમારી હોલિડે બીજા કોઈ સમયે ગોઠવવાનો પ્રયત્ન કરી શકો. યાદ રાખો કે મોડેથી હોલિડેઝ રદ કરાવવાથી તમે કદાચ પૈસા ગુમાવી શકો. જો તમને કહેવામાં આવ્યું હોય કે ટ્રાયલ કે સુનાવણી પૂરી થતાં પહેલાં તમે હોલિડેઝ બુક કરાવશો તેનાથી સમસ્યા ઊભી થઈ શકશે, તો હોલિડે માટે તમે લીધેલા ઈન્શ્યોરન્સમાંથી તમને કોઈ પૈસા મળશે નહિ.

## આરોગ્યની તકલીફો

તમને જુબાની આપવા માટે જે દિવસે કોર્ટમાં બોલાવવામાં આવ્યાં હોય તે દિવસે જો તમે ખૂબ જ બીમાર હો અને કોર્ટમાં ન જઈ શકો તેમ હો, તો કોર્ટના ક્લાર્કનો અથવા તમને જુબાની આપવા બોલાવનાર વકીલનો સંપર્ક કરો અને તમારી હાલત સમજાવો.

તમારે તમારા જીપી પાસેથી મેડિકલ સર્ટિફિકેટ મેળવવું જોઈએ અને તમને કોર્ટમાં આવવાનું કહેનાર વ્યક્તિને તે મોકલવું જોઈએ. જો તમને ટ્રાયલના દિવસે સર્ટિફિકેટ મળે, તો તમે કોર્ટમાં ફોન કરી શકો અને ત્યારબાદ શક્ય તેટલું જલદી તે ફોર્મ તેમને ફેક્સ કરી શકો કે મોકલી શકો.

જો તમારી બીમારી થોડા દિવસ કે લાંબો સમય ચાલશે તેવું લાગતું હોય, તો પ્રોસિક્યૂશનના કે બચાવ પક્ષના વકીલનો સંપર્ક કરો અને કોર્ટમાં તમારી જુબાની સંભળાવવા માટેની બીજી કઈ ગોઠવણ તેઓ કરી શકે છે તે તેમને પૂછી જુઓ. દાખલા તરીકે, આના બદલે તમે પહેલાં આપેલા સ્ટેટમેન્ટ સાંભળવા માટે કોર્ટ કદાચ મંજૂરી આપે.

## અન્ય સમસ્યાઓ

જો બીજાં કોઈ કારણોસર તમે કોર્ટમાં ન જઈ શકો તેમ હોય, તો તમારે શક્ય તેટલું જલદી કોર્ટનો સંપર્ક કરવો જોઈએ.

## તમારે શું કરવું જોઈએ

તમને કોર્ટમાં આવવાનું કહેનાર વ્યક્તિએ તમને કોર્ટ સુધી કેવી રીતે પહોંચવું અને ત્યાં શું સુવિધાઓ મળી શકે તેમ છે તે વિશેની માહિતી પણ મોકલવી જોઈએ. ક્રાઉન કોર્ટ સેન્ટરોમાં કસ્ટમર સર્વિસ ઓફિસર હોય છે, જેમને તમે સગવડો વિશે પૂછી શકો. કોર્ટના ફોન નંબરો તમને ફોન બુકમાં ‘ક્રાઉન કોર્ટ’ મથાળા હેઠળ મળી શકશે. આ માહિતી માટે વિટનેસ સર્વિસ પણ તમને મદદ કરી શકે.

જો નીચેનામાંથી કોઈ બાબત તમને લાગુ પડતી હોય, તો તમને કોર્ટમાં આવવાનું કહેનાર વ્યક્તિને તમારે તે કહેવું જોઈએ.

- તમને કોઈ અસમર્થતા (ડિસેબિલિટી) હોય કે બીજી કોઈ ખાસ જરૂરતો હોય, જેના કારણે તમને કોર્ટમાં પહોંચવામાં કે કોર્ટના મકાનની અંદર હરવા ફરવામાં મદદની જરૂર પડવાની હોય. Disability Discrimination Act 1995 ડિસેબિલિટી ડિસ્ક્રિમિનેશન એક્ટ 1995 (અસમર્થતાને કારણે થતા ભેદભાવને લગતો કાયદો) કોર્ટ્સને આવરી લે છે, અને તેમણે વાજબી વૈકલ્પિક ગોઠવણો કરવી જ પડે છે.
- તમને લાગતું હોય કે તમને ઈન્ટરપ્રિટર (દુભાષિયા કે ભાષાંતર કરી આપનાર)ની જરૂર પડશે.
- ટ્રાયલ શરૂ થતાં પહેલાં તમે કોર્ટ જોવા માગતાં હો. આ માટે તમે વિટનેસ સર્વિસ અથવા ક્રાઉન કોર્ટના કસ્ટમર સર્વિસ ઓફિસર સાથે પણ ગોઠવણ કરી શકો છો. અથવા, તમે ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (Criminal Justice System)ની વેબસાઈટ (www.cjsonline.gov.uk) ઉપર જઈને સાક્ષીઓને આપવામાં આવતી 'લગભગ વાસ્તવિક' તબક્કાવાર વિગતો જોઈ શકો છો.

જો તમને નીચેની કોઈ વસ્તુની જરૂર પડવાની હોય તેવું લાગતું હોય તો પણ તમારે વિટનેસ સર્વિસનો સંપર્ક કરવો જોઈએ:

- અંગત ટેકો;
- કોર્ટરૂમમાં તમારી સાથે કોઈ આવે; અથવા
- કોર્ટમાં શું થાય છે તે વિશે માહિતી.

## ધાક-ધમકીઓ મળવી

કોઈ સાક્ષી, જ્યુરર અથવા પોલીસને તપાસકાર્યમાં મદદ કરનાર કોઈ પણ વ્યક્તિને ધાક-ધમકી આપવી (કે ડરાવવી) ફોજદારી ગુનો છે. જો તમને ટ્રાયલ પહેલાં, તે દરમ્યાન અથવા તે બાદ કોઈ પણ રીતે હેરાન કરવામાં કે ધમકી આપવામાં આવે, તો તમારે તાત્કાલિક પોલીસને અથવા ક્રાઉન પ્રોસિક્યૂશન સર્વિસ (સી.પી.એસ.)ના પ્રતિનિધિને અથવા કોર્ટમાં પ્રોસિક્યૂશન કરતી બીજી સત્તાને કહેવું જોઈએ. જો તમે બચાવ પક્ષનાં સાક્ષી હો, તો તમારે બચાવ પક્ષના વકીલ અથવા કોર્ટમાં તેમના પ્રતિનિધિને કહેવું જોઈએ. કોર્ટમાં કોને કહેવું તે વિશે જો તમે ચોક્કસ ન હો, તો કોર્ટના અશરને જણાવો.

જો તમે પ્રતિવાદી, બીજા સાક્ષીઓ, તેમનાં મિત્રો કે સગાં અથવા સુનાવણી કે ટ્રાયલમાં સંકળાયેલા બીજી કોઈ પણ વ્યક્તિને મળવા વિશે ચિંતિત હો, તો વિટનેસ સર્વિસ, પોલીસ અથવા કોર્ટમાં કામ કરતી કોઈ વ્યક્તિને અથવા તો

તમને સાક્ષી તરીકે બોલાવનાર વકીલને કહો. સુનાવણી પહેલાં અને તે દરમ્યાન તમે રાહ જોવા માટે બેસી શકો તે માટેનો ત્યાં અલગ રૂમ હોવો જોઈએ.

## જેમની ઉપર કોઈ પ્રકારનું જોખમ હોય અથવા જેમને ધમકીઓ મળી હોય તેવા સાક્ષીઓ માટે કોર્ટમાં ખાસ પગલાં

અમુક લોકોને કોર્ટમાં જુબાની આપવાની કાર્યવાહી ખાસ તકલીફજનક કે ગભરાવનારી લાગી શકે છે અને તેમને કદાચ વધારાની મદદની જરૂર પડી શકે. આ માટેનાં અનેક કારણો હોઈ શકે, જેમ કે તેમની ઉંમર, તેમને કદાચ ડર લાગતો હોય અથવા તો કોર્ટની કાર્યવાહીથી મૂંઝવણ થતી હોય, અથવા કદાચ તેમણે એવું કશું જોયું હોય જેનાથી તેઓ ખરેખર અત્યંત આઘાત પામ્યાં હોય કે ડરી ગયાં હોય. આ લોકો શક્ય તેટલી સારી રીતે તેમની જુબાની આપી શકે તેમાં તેમને મદદ કરવા માટે ખાસ પગલાં લઈ શકાય છે (તેમને ‘જેમની ઉપર કોઈ પ્રકારનું જોખમ હોય અથવા જેમને ધમકીઓ મળી હોય તેવા સાક્ષીઓ’ કહેવામાં આવે છે).

## ખાસ પગલાં માટે તમે લાયક બનો છો?

જો નીચેનામાંથી કોઈ બાબત હોય, તો તમે ‘જેમની ઉપર જોખમ હોય તેવા સાક્ષી’ તરીકે ખાસ પગલાં માટે કદાચ લાયક બની શકો:

- કોર્ટની સુનાવણીના સમયે તમે 17 વર્ષથી ઓછી ઉંમરનાં હો; અથવા
- કોર્ટને લાગે કે તમને તમારી જુબાની આપવામાં કદાચ વધારાની મદદની જરૂર પડી શકે, કારણ કે:
  - તમે માનસિક બીમારીથી પીડાતાં હો;
  - તમારી સમજ શક્તિ મર્યાદિત હોય; અથવા
  - તમને શારીરિક અસમર્થતા હોય અથવા શારીરિક વિકૃતિથી પીડાતાં હો.

કોર્ટની કાર્યવાહીમાં જુબાની આપવા માટે તમે ડરેલાં કે ગભરાયેલાં હોવાને કારણે જો તમારી જુબાની ઉપર અસર પડવાની શક્યતા હોય, તો તમે કદાચ ‘ધાક-ધમકીઓ મળી હોય તેવા સાક્ષી’ તરીકે ખાસ પગલાં માટે લાયક બની શકો.

તમે ખાસ પગલાં માટે લાયક બનો છો કે નહિ તેનો નિર્ણય કોર્ટ કરશે. તેઓ પોલીસ, ક્રાઉન પ્રોસિક્યૂશન સર્વિસ અથવા બચાવ પક્ષના વકીલ પાસેથી સલાહ મેળવશે અને તમે ખાસ પગલાં માટે અરજી કરવા માગો છો કે નહિ તે વિશે તમારાં મંતવ્યો ધ્યાનમાં લેશે.

## ખાસ પગલાં ક્યાં છે?

- સાક્ષીના પાંજરાની આસપાસ એક પડદો મૂકવામાં આવે છે, જેથી સાક્ષી પ્રતિવાદીને જોઈ ન શકે.
- જ્યાં ટ્રાયલ ચાલી રહી હોય તે કોર્ટરૂમથી સાક્ષી દૂર બીજા જુદા રૂમમાં બેસે છે અને જીવંત ટીવી જોડાણ મારફતે પોતાની જુબાની આપે છે. સાક્ષી જજ, મેજિસ્ટ્રેટો અને વકીલોને જોઈ શકે છે અને કોર્ટરૂમમાં હાજર લોકો સાક્ષીને જોઈ શકે છે.
- જાહેર લોકોને બેસવાની ગેલેરીમાં માત્ર અખબારના એક પત્રકાર સિવાય બીજાં લોકોને બહાર મોકલી દેવામાં આવે છે.
- જજ અને વકીલો સામાન્ય રીતે ક્રાઉન કોર્ટમાં જે ઔપચારિક કાળાં ગાઉન અને વિગ પહેરતાં હોય છે, તે પહેરતાં નથી.
- ટ્રાયલ પહેલાં, સાક્ષીને કાનૂની પ્રતિનિધિ દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબ આપતાં વિડિયો પર રેકોર્ડ કરવામાં આવે છે. સાક્ષીની મુખ્ય જુબાની (ઉલટ તપાસ પહેલાં બોલીને આપવામાં આવેલી મુખ્ય જુબાની) તરીકે તે વિડિયો બતાવવામાં આવે છે.
- 17 વર્ષથી ઓછી ઉંમરના બાળ સાક્ષી અથવા પોતાની શારીરિક, માનસિક કે શીખવાની અસમર્થતાને કારણે જેમની ઉપર જોખમ રહેલું હોય તેવાં અરક્ષિત સાક્ષીઓને કોર્ટમાં પોતાની જુબાની આપવામાં મદદ કરવા માટે વાતચીતમાં સહાય કરતું સાધન (દાખલા તરીકે, અક્ષરો લખેલું પાટિયું) વાપરવાની મંજૂરી આપવામાં આવે છે.
- 17 વર્ષથી ઓછી ઉંમરના બાળ સાક્ષી માટે અથવા પોતાની શારીરિક, માનસિક કે શીખવાની અસમર્થતાને કારણે જેમની ઉપર જોખમ રહેલું હોય તેવા અરક્ષિત સાક્ષીઓને કાનૂની પ્રતિનિધિઓ અને કોર્ટ સાથે વાતચીત કરવામાં મદદ કરવા માટે માન્યતા મેળવેલા સ્વતંત્ર મધ્યસ્થી રાખવાની કોર્ટ મંજૂરી આપે છે.

## ખાસ પગલાં અત્યારે મળી શકે છે?

### ક્રાઉન કોર્ટમાં

મધ્યસ્થીના ઉપયોગ સિવાયનાં ઉપરોક્ત બધાં જ પગલાં અત્યારે મળી શકે છે. મધ્યસ્થીનો ઉપયોગ કરવાનું શરૂ કરતાં પહેલાં સમયાનુસાર તેની ચકાસણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, વિડિયો રેકોર્ડ કરાયેલી મુખ્ય જુબાનીની સગવડ હાલમાં માત્ર જેમની ઉપર કોઈ પ્રકારનું જોખમ હોય તેવા સાક્ષીઓ માટે જ મળી શકે છે.

### મેજિસ્ટ્રેટોની અને યૂથ કોર્ટમાં

હાલમાં ઉપલબ્ધ ખાસ પગલાંમાં, પડદા મૂકવા, પબ્લિક ગેલેરીમાં બેઠેલાં લોકોને ત્યાંથી બહાર મોકલી ગેલેરી ખાલી કરાવવી, વાતચીતમાં સહાય કરતાં સાધનો તેમજ ટીવી જોડાણો અને વિડિયો રેકોર્ડિંગ કરાયેલી જુબાની મુખ્યત્વે જાતીય ગુના, હિંસા (ધમકીઓ સહિત) અને ક્રૂરતાના કેસોમાં 17 વર્ષથી ઓછી ઉંમરના બાળ સાક્ષીઓ માટે જ મળી શકે છે.

## બાળ સાક્ષીઓ માટે બીજી કોઈ ગોઠવણો હોય છે?

ઘણાં ક્રાઉન કોર્ટ સેન્ટરોમાં બાળ સાક્ષીઓ માટે ખાસ સગવડો હોય છે. તમામ ક્રાઉન કોર્ટ સેન્ટરોમાં એક ચાઈલ્ડ વિટનેસ અધિકારી હોય છે, જેઓઃ

- કોર્ટમાં મળી શકતી સગવડો અને કોર્ટની કાર્યવાહીઓ વિશેના તમારા પ્રશ્નોના જવાબ આપશે;
- જીવંત ટીવી જોડાણ કેવી રીતે કામ કરે છે તે સમજાવશે; અને
- બાળકને અને તેની સાથે આવેલી વ્યક્તિને રાહ જોવા માટે બેસવાના અંગત વિભાગમાં લઈ જશે.

જો તમે કોઈ બાળ સાક્ષીના માતા કે પિતા અથવા વાલી હો, તો તમે વધારે માહિતી માટે ચાઈલ્ડ વિટનેસ અધિકારીનો અથવા વિટનેસ સર્વિસનો સંપર્ક કરી શકો.

# 06 કોર્ટમાં જવું

## ખર્ચ

કોર્ટમાં જવાની મુસાફરીમાં થતા અમુક ખર્ચનો અને ભોજન માટે તેમજ તમે ગુમાવેલા પગારનો અને બીજા નાણાકીય નુક્સાનનો, જેમ કે બાળકની સંભાળ માટે ચૂકવેલા પૈસા માટેના અલાવન્સનો તમે ક્લેઈમ કરી શકો છો. તમે કેટલી રકમનો ક્લેઈમ કરી શકો તેનો આધાર તમારે કોર્ટમાં જવા માટે કેટલા સમય સુધી ઘર કે કામથી દૂર રહેવું પડયું છે તેના ઉપર રહેલો છે. તમને જ્યારે છોડવામાં આવ્યા હોવાનું કોર્ટ કહે તેટલા સમય સુધીના ખર્ચનો જ તમે ક્લેઈમ કરી શકો.

જો તમે પ્રોસિક્યૂશનના સાક્ષી હો, તો તમે જ્યારે કોર્ટમાં જાવ ત્યારે સી.પી.એસ.ના પ્રતિનિધિ અથવા કોર્ટના કર્મચારી પાસેથી ક્લેઈમ કરવા માટેનું ફોર્મ માગો. શક્ય હશે તો તમારું યોગ્ય રીતે ભરાયેલું ક્લેઈમ ફોર્મ સી.પી.એસ.ને મળ્યા બાદ તમને કામના 5 થી 10 દિવસ સુધીમાં પૈસા ચૂકવી દેવામાં આવશે.

જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો કોર્ટના કર્મચારી પાસેથી ક્લેઈમ ફોર્મ માગો.

તમને ફોર્મ ભરવામાં મદદની જરૂર હોય, તો વિટનેસ સર્વિસ અથવા કોર્ટના કોઈ કર્મચારી સભ્યને કહો.

અમુક કિસ્સામાં, જે લોકોને કોર્ટ સુધી આવવાનું પોસાઈ શકે તેમ ન હોય તેમને અગાઉથી પૈસા ચૂકવવામાં આવી શકે છે. મુસાફરીના ખર્ચ માટે તમને અગાઉથી પૈસાની જરૂર હોય, તો તમને કોર્ટમાં આવવાનું કહેનાર વ્યક્તિનો તમારે સંપર્ક કરવો જોઈએ.

## મુસાફરી

કેટલીકવાર, લોકોને પોતે સમયસર કોર્ટમાં પહોંચી શકશે કે નહિ, ત્યાં પાર્કિંગ માટેની જગ્યા હશે કે નહિ અથવા જાહેર વાહનો ક્યાંથી મેળવવાં વગેરે બાબતો વિશે ચિંતા થતી હોય છે. આ બધાને કારણે જ્યારે તેમણે જુબાની આપવા જવાનો સમય આવે છે ત્યારે તેમને અસ્વસ્થતા થાય છે અને આત્મવિશ્વાસ ઘટી જાય છે.

તમારે ક્યારે જુબાની આપવા જવાનું છે તે દિવસ જણાવવા માટે, તમને સાક્ષી તરીકે બોલાવનાર વ્યક્તિ જ્યારે તમારો સંપર્ક કરે ત્યારે, તેમણે તમને આ બધી વ્યવહારિક વિગતો આપવી જોઈએ.

તમને બીજી કોઈ વિગતો જોઈતી હોય તો તે પૂછો, જેમ કે પાર્કિંગની શી ગોઠવણો હશે અને તેના ચાર્જીસ કેટલા હશે અથવા ત્યાં કશું ખાવાનું કે પીણાં મળી શકશે કે કેમ. તમારે કાર પાર્કિંગ અને નાસ્તા-પાણીના ખર્ચ માટે થોડી રોકડ રકમ (છૂટ્ટા પૈસા સહિત) કદાચ સાથે રાખવાની જરૂર પડી શકે.

## સગાં અને મિત્રો

તમને કોર્ટમાં આવવાનું કહેનાર વ્યક્તિને પૂછી જુઓ કે તમારા કોઈ મિત્ર કે સગાં તમારી સાથે કોર્ટમાં આવી શકે કે નહિ. મોટા ભાગની કોર્ટમાં તમારે આ માટે પરવાનગી લેવી પડતી નથી. પરંતુ, જો તમે ઓલ્ડ બેઈલીમાં (લંડનમાં આવેલી સેન્ટ્રલ ક્રિમિનલ કોર્ટમાં) ચાલતી ટ્રાયલ માટેના સાક્ષી હો, તો સુરક્ષાનાં કારણોસર તમારે અગાઉથી કોર્ટને તેની જાણ કરવાની રહેશે.

જો તમને સાથ આપવા માટે તમારા કોઈ મિત્ર કે સગાં તમારી સાથે કોર્ટમાં આવે, તો તેમની મુસાફરીના ખર્ચ માટે કે તમે કોર્ટમાં હો તે દરમ્યાન તેમણે ખોરાક વગેરે ઉપર જે કોઈ પૈસા વાપર્યા હશે તે માટે તેઓ કોર્ટ પાસેથી કોઈ જ ક્લેઈમ કરી શકશે નહિ. પરંતુ જો તમને મદદ કરવા માટે તમારી સાથે કોઈને કોર્ટમાં લાવવાની જરૂર હોય, દાખલા તરીકે તમે જુબાની આપો તે દરમ્યાન તમારા બાળકનું ધ્યાન રાખવા માટે, અથવા તમને હરવા ફરવામાં તકલીફ હોવાને કારણે તમને મદદની જરૂર હોય, તો તેઓ કદાચ મુસાફરીના ખર્ચ જેવા ખર્ચનો ક્લેઈમ કરી શકે.

# 07 તમે કોર્ટમાં હો તે દરમ્યાન શું થાય છે?

કેટલીકવાર, લોકોને ચિંતા થતી હોય છે કે તેમને કોર્ટનું મકાન મળશે કે નહિ, અથવા તેમને મકાનમાં જ્યાં જવાનું છે તે જગ્યા મળશે કે નહિ, અથવા તેઓ કોઈ ખોટી વ્યક્તિ સાથે વાત કરી બેસશે તો? આ બધાને કારણે જુબાની આપવાના સમયે તેમને આત્મવિશ્વાસ આવતો નથી કે તેમને માનસિક સ્વસ્થતા લાગતી નથી.

કોર્ટમાં હોવાનો અનુભવ ડરાવનારો કે દબાણવાળો હોવો ન જોઈએ. જો એવું થશે એમ તમને લાગે તો મદદ અને ટેકો મળી શકે  છે.

## તમે આવો ત્યારે

તમને જ્યાં જવાનું હશે તે જગ્યા શોધવામાં મદદ કરતી સ્પષ્ટ નિશાનીઓ તમને મળશે. બધા જ કેસો પ્રતિવાદીના નામો હેઠળ નોંધવામાં આવ્યા હોય છે. રિસેપ્શનિસ્ટ અથવા અશરને પ્રતિવાદીનું નામ જણાવો અને તમને કોર્ટમાં આવવાનું જણાવતો તમને મળેલો પત્ર તેમને બતાવો.

તમારે ક્યાં બેસીને રાહ જોવી તે રિસેપ્શનિસ્ટ તમને કહેશે. તમે સુનાવણી પહેલાં અને તે દરમ્યાન રાહ જોવા બેસી શકો તે માટેનો અલગ રૂમ હોવો જોઈએ. જો તમે વિટનેસ સર્વિસનો પહેલેથી સંપર્ક ન કર્યો હોય, તો તમે કોર્ટમાં જાવ ત્યારે તેમનો સંપર્ક કરી શકો છો. જો તમારે કસ્ટમર સર્વિસ અધિકારી સાથે વાત કરવાની જરૂર પડે, તો રિસેપ્શન ઉપર પૂછો.

જો તમે પ્રોસિક્યૂશનના સાક્ષી હશો, તો ક્રાઉન પ્રોસિક્યૂશન સર્વિસ (સી.પી.એસ.)ના એક પ્રતિનિધિ સામાન્ય રીતે તમને મળીને પોતાની ઓળખાણ આપશે.

જો તમે સ્ટેટમેન્ટ આપેલું હોય અને તમે જુબાની આપો તે પહેલાં તે જોવા માગતાં હો, તો તમને તે જોવા દેવાશે. જો તમે પ્રોસિક્યૂશનના સાક્ષી હો, તો તેની નકલ સી.પી.એસ. પાસેથી માગો. જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો બચાવ પક્ષના વકીલ પાસેથી તેની નકલ માગો. તમે જુબાની આપો તે દરમ્યાન તમારું સ્ટેટમેન્ટ તમારી પાસે રાખવાથી મદદ થઈ શકે તેમ હોય, તો તમારા કેસમાં તે શક્ય છે કે કેમ તે વકીલને પૂછી જુઓ.

તમારો કેસ શરૂ થતાં પહેલાં તમે ઈચ્છતાં હશો તો અશર, કસ્ટમર સર્વિસ અધિકારી અથવા વિટનેસ સર્વિસ તમને કોર્ટરૂમ જોવા દેશે. આ તમે સવારે કામકાજની શરૂઆત થતાં પહેલાં અથવા તો બપોરે લંચના સમયે કરી શકો.

## તમે જુબાની આપો તે પહેલાં

તમને જુબાની આપવા માટે બોલાવવામાં આવે તે પહેલાં તમારે બે કલાક કરતાં વધારે સમય રાહ ન જોવી પડે તેની ખાતરી કરવાનો કોર્ટ પ્રયત્ન કરશે.

તમે સાક્ષી માટેના પાંજરામાં જાવ તે પહેલાં તમારી જુબાની વિશે બીજાં લોકો સાથે વાત ન કરશો. તેનાથી કદાચ કોર્ટને એવું લાગી શકે કે જુબાનીમાં શું કહેવું તે વિશે તમે કોઈની સાથે સમજૂતી કરેલી છે. તમે કેસ અંગે કાર્યવાહી કરતા પોલીસ અધિકારીઓ અને (પ્રોસિક્યૂશન અને બચાવ પક્ષ બંનેના) વકીલો સાથે વાત કરી શકો, જો કે તમે તમારી જુબાની વિશે તેમની સાથે ચર્ચા કરી શકો નહિ.

તમારા કેસની શરૂઆત થવામાં જો થોડો સમય બાકી હોય, તો તમે કોર્ટરૂમની જાહેર જનતા માટેની ગેલેરીમાં બેસી શકો અને બીજા કેસો સાંભળી શકો. તમે આવું કરો તો તમે ક્યાં જાવ છો તે અશરને કહીને જાવ. એક વાર તમારો કેસ શરૂ થઈ જાય એટલે તમારે કોર્ટરૂમમાંથી બહાર નીકળી જ જવું પડે છે અને જુબાની આપવા માટેનો તમારો વારો આવે ત્યાં સુધી રાહ જોવી પડે છે. બીજા સાક્ષીઓ આપે તે જુબાની તમે ન જ સાંભળી શકો.

## જુબાની આપવા માટેનો તમારો વારો આવે ત્યારે

જુબાની આપવા માટે જ્યારે સાક્ષી તરીકે તમારું નામ બોલવામાં આવે, ત્યારે એક અશર તમને સાક્ષીનું પાંજરું બતાવશે. ક્રાઉન કોર્ટમાં આ સામાન્ય રીતે તમે જ્યુરિની સમક્ષ ઊભા રહો તેવી રીતે હોય છે.

તમે તમારી જુબાની આપો તે દરમ્યાન તમારે ઊભા રહેવાનું રહેશે, અને જો તમને લાગે કે તમારે વચ્ચે બેસવું પડશે, તો તે વિશે અશરને તમારે જાણ કરવી જોઈએ. તેઓ જજ અથવા મેજિસ્ટ્રેટ પાસેથી આ માટેની પરવાનગી માગશે.

ત્યારબાદ તમને શપથ લેવાનું કહેવામાં આવશે. આનો અર્થ એવો થાય કે સાચું બોલવા માટે તમારા ધર્મના ધાર્મિક ગ્રંથ ઉપર તમારે સોગંદ લેવાના હોય છે. તમે ઈચ્છો તો તમે 'સત્ય, પૂરે પૂરું સત્ય અને સત્ય સિવાય બીજું કશું જ નહિ કહેવા' માટેનું વચન આપી શકો. તમે વચન આપવા માગો છો કે ધાર્મિક ગ્રંથ ઉપર સોગંદ લેવા માગો છો તે તમે કોર્ટરૂમમાં જશો તે પહેલાં અશર તમને પૂછશે.

તમે તમારી જુબાની આપો તે દરમ્યાન બીજા કોઈ વિધિવિધાન કે વ્યવહારોનું પાલન કરવા માગો છો કે કેમ તે તેમણે તમને પૂછવું જોઈએ.

## તમારી જુબાની આપવી

કોર્ટમાં જુબાની આપવાનું, તમે જ્યારે પહેલી વાર વિટનેસ સ્ટેટમેન્ટ કર્યું હતું તેના જેવું સરખું નથી. તેના બદલે, વકીલ તમને પ્રશ્નો પૂછશે - અને તેઓ તમને એક જ પ્રશ્ન વારંવાર કે ફરી ફરીને જુદી જુદી રીતે પૂછે તેવું બની શકે. કૃપા કરીને નીચેની બાબતો યાદ રાખશોઃ

- મોટા ભાગના કેસોમાં, પ્રતિવાદીએ પોતે ગુનેગાર નહિ હોવાનું કબૂલ્યું હશે. તમારી જુબાનીથી તે ગુનેગાર છે કે નહિ તેનો નિર્ણય કરવામાં કોર્ટને મદદ થશે.
- તમને પૂછવામાં આવેલ કોઈ પણ પ્રશ્નનો જવાબ તમને ખબર ન હોય અથવા તેના જવાબ વિશે તમે ચોક્કસ ન હો, તો તેમ કહો. તમે સલાહ માટે મેજિસ્ટ્રેટો, ડિસ્ટ્રિક્ટ જજ કે જજને પૂછી શકો.
- તમે જુબાની આપતાં હો તે વખતે અમુક બાબતો ન કહી શકો તેવું તમને કહેવામાં આવ્યું હોય તો ચિંતા ન કરશો. આનું કારણ એ છે કે કોર્ટ કયા પ્રકારની જુબાનીઓ સાંભળી શકે તે માટેના કેટલાક નિયમો હોય છે.
- તમને જોઈએ તેટલો સમય લો અને ધીમે ધીમે અને સ્પષ્ટતાથી બોલો.
- તમને પ્રશ્નો ન સમજાયા કે ન સંભળાયા હોય તો ફરીથી બોલવા માટે કહો.
- મેજિસ્ટ્રેટો, ડિસ્ટ્રિક્ટ જજ કે જજને તમારા કેસ વિશે બધી જ ખબર નહિ હોય, એટલે તમારી જુબાનીમાં કશું ચૂકી ન જવાય તેનું ધ્યાન રાખો.
- કેટલીકવાર જ્યારે પ્રતિવાદીએ પોતે ગુનેગાર હોવાનું કબૂલી લીધું હોય તો પણ સાક્ષીઓને જુબાની આપવા માટે બોલાવવામાં આવે છે. જ્યારે ગુનાની હકીકતો વિશે અસહમતીઓ હોય ત્યારે આવું થાય છે.

જો તમને પ્રોસિક્યૂશનના સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા હોય, તો પ્રોસિક્યૂશનના વકીલ તમને પ્રશ્નો પૂછશે. ત્યારબાદ બચાવ પક્ષના વકીલ તમને પ્રશ્નો પૂછશે (તમારી ઉલટ તપાસ કરશે). જો તમે બચાવ પક્ષના સાક્ષી હશો, તો પહેલાં બચાવ પક્ષના વકીલ તમને પોતાના પ્રશ્નો પૂછશે અને ત્યારબાદ પ્રોસિક્યૂશન વકીલ પ્રશ્નો પૂછશે. જ્યારે એક વકીલ પોતાના પ્રશ્નો પૂછવાનું પૂરું કરી લે એટલે તમે સાક્ષી માટેના પાંજરામાં જ રહેશો. જજ (અથવા મેજિસ્ટ્રેટ) તમને પ્રશ્નો પૂછવા માટે બીજા વકીલને બોલાવશે. ઘણાં લોકોને બીજા વકીલ દ્વારા કરવામાં આવનારી ઉલટ તપાસ વિશે નવાઈ લાગતી હોય છે કે ચિંતા થતી હોય છે. નીચેની બાબતો યાદ રાખવાનું અગત્યનું છે.

- તે અંગત નથી – તમે કોઈ ભૂલ નથી કરતા તેની ખાતરી કરવાનું વકીલનું કામ છે.
- તમારી ટ્રાયલ કરવામાં નથી આવી રહી. તમે મૂરખ છો તેવું લોકોને બતાવવાનો કે તમને જૂઠા પાડવાનો પ્રયત્ન વકીલો નથી કરી રહ્યાં. જો પ્રશ્નો ખૂબ જ આક્રમક બની જાય, તો તમને સાક્ષી તરીકે બોલાવનાર વકીલને અધિકાર છે કે તેઓ તે બંધ કરાવવા માટે જજ કે મેજિસ્ટ્રેટને કહે. જજ અથવા મેજિસ્ટ્રેટ પણ વકીલને પ્રશ્નો પૂછતાં અટકાવી શકે છે.
- આપણો કાયદો એ વિચાર ઉપર આધારિત છે કે જ્યાં સુધી પ્રતિવાદી ઉપરનો ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે. સાક્ષીની જુબાનીથી હકીકતમાં કશું સાબિત થાય છે તેની ખાતરી કરવી એ આ કાર્યવાહીનો એક અત્યંત અગત્યનો ભાગ છે.

મોટા ભાગના કેસોમાં, પ્રતિવાદીના વકીલ હાજર હશે અને તેઓ તમને પ્રશ્નો પૂછશે. પરંતુ, કાનૂની પ્રતિનિધિત્વ મેળવવાનો ઈનકાર કરવાનો અને પોતાનો બચાવ પોતાની જાતે કરવાનો અધિકાર પ્રતિવાદીને છે, અને આનો અર્થ કદાચ એવો પણ થાય કે તેઓ તમને પ્રશ્નો પૂછશે. આ ખૂબ જ ભાગ્યે જ બનતું હોય છે, અને સાવ નજીવા કેસોમાં જ સામાન્ય રીતે બનતું હોય છે.

જાતીય અપરાધને લગતા કેસોમાં (અથવા બાળકને સંડોવતા બીજા અમુક કેસોમાં), પ્રતિવાદી ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ, બાળક કે ‘સુરક્ષિત’ સાક્ષીની ઉલટ તપાસ કરી શકે નહિ (સુરક્ષિત સાક્ષી એટલે કે ખરેખરો ગુનો થતો નજરે નિહાળનાર વ્યક્તિ). આવા કેસોમાં, તેના વતી વકીલે જ પ્રશ્નો પૂછવા પડે છે.

## તમે જુબાની આપી દીધા બાદ શું થાય છે?

બંને વકીલો જજ અથવા મેજિસ્ટ્રેટોને કહેશે કે તેઓ તમને હવે બીજા કોઈ પ્રશ્નો પૂછવા માગતાં નથી. જજ અથવા મેજિસ્ટ્રેટ તમે જુબાની આપ્યા બદલ તમારો આભાર માનશે અને તમને અધિકૃત રીતે છૂટાં કરશે. આનો અર્થ એવો થાય કે તમે કોર્ટ છોડીને જઈ શકો છો. તમે ઘરે જઈ શકો અથવા ત્યાં રોકાઈને બાકીનો કેસ સાંભળી શકો. પરંતુ જો તમે યૂથ કોર્ટમાં ચાલતી ટ્રાયલ કે સુનાવણીના સાક્ષી હો, તો તમારી જુબાની આપી દીધા બાદ ત્યાં રોકાવાની પરવાનગી તમને કદાચ આપવામાં નહિ આવે.

કોઈ પણ ટ્રાયલ કે સુનાવણીમાં જુબાની આપવા માટે મોટા ભાગનાં લોકોને માત્ર એક જ વાર કહેવામાં આવે છે. પરંતુ, જો કોઈ નવા પુરાવા મળી આવે જેના કારણે સાક્ષીઓને જુદા પ્રશ્નો પૂછવાની જરૂર પડે, તો તમને કદાચ પાછા બોલાવવામાં આવી શકે.

# 08 ટ્રાયલ પૂરી થયા પછી

તમે એક વાર ટ્રાયલમાં તમારી જુબાની આપી દો, ત્યારબાદ શું થયું તે જાણવામાં તમને કદાચ રસ હશે. તમે વિચારતાં હો કે પ્રતિવાદીને ગુનેગાર ઠેરવવામાં આવવો જોઈએ કે ન આવવો જોઈએ તો તમને કદાચ પહેલેથી ખબર હોય તેવું બને – પણ તમે વિચારતાં હો તેવો જ નિર્ણય કોર્ટ કરે તેવું હંમેશા ન પણ બને.

## ટ્રાયલમાં શું થયું તે કેવી રીતે જાણવું

જો તમને વિટનેસ કેર યૂનિટે કોર્ટમાં હાજરી આપવાનું કહેલું હશે, તો તેમણે તમને કેસનું પરિણામ જણાવવું જોઈએ. નહિતર તમે કોર્ટનો સંપર્ક કરીને કેસનું પરિણામ જાણી શકો અથવા તમને કોર્ટમાં આવવાનું કહેનાર વ્યક્તિ સાથે તમે વાત કરી શકો.

## ટ્રાયલ બાદ તમને ફરીથી જુબાની આપવાનું કહેવામાં આવશે?

એક જ ગુના કે બનાવ વિશે સામાન્ય રીતે બે વાર જુબાની આપવાનું તમને કહેવામાં આવવું ન જોઈએ, પરંતુ નીચેના સંજોગોમાં તે કદાચ જરૂરી બની શકે.

- જો મેજિસ્ટ્રેટની કોર્ટમાં પ્રતિવાદીને ગુનેગાર ઠેરવવામાં આવે અને તેના વકીલ તે ગુનો પુરવાર થયા સામે અપીલ કરે, તો તમને તમારી જુબાની ફરીથી આપવાનું કદાચ કહેવામાં આવી શકે. આ અપીલ ક્રાઉન કોર્ટમાં જજની સમક્ષ કરવામાં આવશે, પણ તેમાં જ્યુરિને બદલે બે મેજિસ્ટ્રેટો હશે.
- ક્રાઉન કોર્ટમાં જ્યુરિ દ્વારા ગુનેગાર પુરવાર કરવામાં આવેલા પ્રતિવાદીઓને કોર્ટ ઓફ અપીલમાં અપીલ કરવાનો અધિકાર હોય છે. જો કે, કોર્ટ ઓફ અપીલ (Court of Appeal) સાક્ષીની જુબાની ફરીથી સાંભળવા માગે તેવું સામાન્ય રીતે બનતું નથી.
- જો ક્રાઉન કોર્ટમાં કોઈ કેસ ઉપર જ્યુરિ તેમના ચુકાદા ઉપર સહમત ન થઈ શકે, તો કદાચ ફરીથી ટ્રાયલ ચલાવવામાં આવી શકે અને બીજી જુદી જ્યુરિ સમક્ષ તમારી જુબાની ફરીથી આપવાનું તમને કહેવામાં આવી શકે. આવું બહુ વાર બનતું નથી.
- જો કોઈ કેસની ટ્રાયલમાં સમસ્યા હોય અને જજ અથવા મેજિસ્ટ્રેટે કેસ અટકાવવો પડે, તો પણ ફરીથી ટ્રાયલ ચલાવવામાં આવી શકે. આવું શા માટે બન્યું અને ફરીથી ટ્રાયલ ક્યારે ચલાવવામાં આવશે અને તમારે ત્યાં હાજર રહેવું જોઈએ કે નહિ તે તમને જણાવવામાં આવશે.

નોંધ

Criminal Justice System: working together for the public

Gujarati
Published by the Office for Criminal Justice Reform. Reprinted April 2006.
Order Reference: WIC/G    Ref: COI 273636